RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 291 * Date: 10.08.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ભારતે ટ્રમ્પની દાદાગીરી સામે નમવાની જરૂર નથી



અમેરિકાના પૂર્વ વિદેશ મંત્રી કર્ટ કેમ્પબેલે ભારત પર લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફની આકરી ટીકા કરી છે. કેમ્પબેલે કહ્યું કે, ડોનાલ્ડ ટ્રમ્પનું આ પગલું ભારત-અમેરિકા સંબંધોને ગંભીર જોખમમાં મૂકી રહ્યું છે, જે ૨૧મી સદીમાં અમેરિકા માટે સૌથી મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદારી છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સલાહ આપી છે કે, ટ્રમ્પના દબાણ સામે ન ઝૂકે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે રશિયા પાસેથી તેલ ખરીદવા માટે ભારત પર વધારાનો ૨૫ ટકા ટેરિફ લગાવ્યો છે, જેનાથી ભારત પર કુલ ટેરિફ ૫૦ ટકા થશે. આ ટેરિફ ૨૭ ઓગસ્ટથી અમલમાં આવશે.એક ઈન્ટરવ્યુમાં કેમ્પબેલે કહ્યું, '૨૧મી સદીમાં અમેરિકાનો સૌથી મહત્ત્વપૂર્ણ સંબંધ ભારત સાથે છે, અને હવે આ સંબંધો પર પણ જોખમ જોવા મળી રહ્યું છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે ભારત અને પીએમ મોદી વિશે જે રીતે વાત કરી છે, તેમણે ભારત સરકારને મુશ્કેલ સ્થિતિમાં મૂકી દીધી છે.' કેમ્પબેલ ભારતને સલાહ આપતાં કહ્યું કે, ભારતે ટ્રમ્પની દાદાગીરી સામે નમવાની જરૂર નથી. 'કેમ્પબેલે ચેતવણી આપી હતી કે, 'જો અમેરિકા ભારત પર દબાણ કરે કે તે રશિયા સાથે સંબંધો તોડી દે, તો ભારતીય વ્યૂહરચનાકારો તેનાથી વિપરીત કરશે. ભારતને રશિયા સાથે સંબંધો તોડવા માટે કહેવાથી વિપરીત પરિણામ આવી શકે છે.'ટ્રમ્પના આ નિર્ણયથી અમેરિકામાં દ્વિપક્ષીય ચિંતાઓ પણ ફેલાઈ છે. પૂર્વ ઉપરાષ્ટ્રપતિ માઈક પેન્સે ટેરિફની ટીકા કરતા કહ્યું કે, 'આ અમેરિકન કંપનીઓ અને ગ્રાહકો પર બોજ નાખે છે.' તેમણે મુક્ત વેપારની હિમાયત કરતાં કહ્યું, 'અમેરિકન કંપનીઓ અને ગ્રાહકો જ ટેરિફની કિંમત ચૂકવે છે.' આ ઉપરાંત, ડેમોક્રેટ સેનેટર ગ્રેગરી મીક્સે પણ ચેતવણી આપી હતી કે, ટ્રમ્પની ×ટેરિફ તંત્ર× ભારત-અમેરિકન ભાગીદારીને નુકસાન પહોંચાડી શકે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે દિલ્હીમાં એમએસ સ્વામીનાથન શતાબ્દી આંતરરાષ્ટ્રીય સંમ્મેલન દરમિયાન એક મજબૂત સંદેશ આપ્યો. તેમણે કહ્યું, 'અમારા માટે ખેડૂતોનું હિત સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ભારત તેના ખેડૂતો, માછીમારો અને ડેરી ક્ષેત્રના હિત સાથે ક્યારેય સમાધાન નહીં કરે. હું જાણું છું કે, આપણે આ માટે ભારે કિંમત ચૂકવવી પડી શકે છે, પરંતુ હું તેના માટે તૈયાર છું, ભારત તૈયાર છે.'

## મહીસાગર અને અમરેલીમાં વૃક્ષ ભેટ આપી અનોખી ઉજવણી

મહીસાગર અને અમરેલી જિલ્લા જેલોમાં રક્ષાબંધનની ઉજવણી એક ખાસ સંદેશ સાથે કરવામાં આવી. અહીં કેદી ભાઈઓએ પોતાની બહેનોને રાખડી બંધાવ્યા બાદ પર્યાવરણ પ્રત્યે જાગૃતિનો સંદેશ આપવા માટે એક વૃક્ષનો છોડ ભેટમાં આપ્યો હતો. અમરેલી જેલમાં બહેનોએ પોતાના ભાઈના ઓવારણાં લીધા હતા અને ભાઈઓની સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે અનેક બહેનો ભાવુક થઈ હતી, અને ભાઈ-બહેનો વચ્ચેના અતૂટ પ્રેમની ગવાહી પૂરતા કરુણ દ્રશ્યો સર્જાયા હતા.

## એર ચીફ માર્શલનો દાવોઃ 'ઓપરેશન સિંદૂર'માં ૫ પાકિસ્તાની જેટ ઠાર




વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એ.પી.સિંહે શનિવારે ઓપરેશન સિંદૂર વિશે માહિતી આપી હતી. ૯ ઓગસ્ટના રોજ બેંગલુરુ એલએમ કાત્રે લેક્ચરમાં વાયુસેનાના વડા એર ચીફ માર્શલે કહ્યું હતું કે ભારતીય વાયુસેના ની જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમે ૫ પાકિસ્તાની વાયુસેનાના ફાઈટર પ્લેન અને એક AEW/C અને ELINT વિમાનને તોડી પાડ્યું હતું. તેમણે એક સ્લાઈડ રજૂ કરીને આ માહિતી આપી હતી. જેમાં તેમણે પહલગામ ઘટના પછી પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓને થયેલા નુકસાનને પણ દર્શાવ્યું હતું. તેમણે હુમલા પહેલા અને પછી સેટેલાઈટ તસવીરોમાંથી દ્વારા નુકસાનની પુષ્ટી કરી હતી. સિંહે કહ્યું કે આ હુમલાઓમાં S-400 મિસાઈલ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેણે ૩૦૦ કિમીના અંતરેથી AEW/C વિમાનને નિશાન બનાવ્યાં હતા. તેમણે આતંકવાદી ઠેકાણાઓની સેટેલાઈટ તસવીરો તરફ ઈશારો કરતા આ વાત કહી. થોડા અઠવાડિયા પહેલા પહલગામ આતંકવાદી હુમલા જેમાં ૨૬ નિર્દોષ લોકો માર્યા ગયા હતા તેના જવાબરૂપે ભારતે ૭ મેના રોજ સૈનય કાર્યવાહીમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો અને ૧૦૦ થી વધુ આતંકવાદીઓને મારી નાખ્યા હતા.

## ધોળાકૂવા ગામમાં ગાંજો વેચતા આધેડ પકડાયા



ગાંધીનગરના ધોળાકુવામાં રહેતા આધેડ માદક પદાર્થ વેચતા હોવાની માહિતી મળતા ઈન્ફોસિટી પોલીસ પાનના ગલ્લે પહોંચી હતી અને સર્ચ કરતા તેમની પાસે રહેલા થેલામાંથી ગાંજો મળી આવ્યો હતો. જેથી પોલીસે આરોપીની ધરપકડ કરી ગુનો નોંધ્યો હતો. મળતી માહિતી મુજબ ઈન્ફોસિટી પીઆઇ વી.આર.ખેરની ટીમને માહિતી મળી હતી કે, ધોળાકુવા ગામમાં એક પાર્લર ઉપર ગાંજો વેચવામાં આવી રહ્યો છે. જેથી પોલીસની ટીમ ધોળાકુવા ગામમાં પહોંચી હતી અને મહેશજી કાનાજી ઠાકોરના ગલ્લાની અંદર તપાસ કરતા કાઉન્ટરની બાજુમાં આવેલી બેસવાની જગ્યાની બાજુમાં એક પ્લાસ્ટિકની થેલીમાં ગાંજો મળી આવ્યો હતો.

પોલીસે ગલ્લામાંથી અલગ અલગ પ્લાસ્ટીકની થેલીમાં રહેલી ૨૯ પડીકીઓ પકડી હતી. પોલીસે તપાસ કરતા ૩૧૪.૫૫ ગ્રામ વજન કિંમત ૩૧૫૦નો મળી આવ્યો હતો. જેથી પોલીસે આરોપી પાસેથી ગાંજો, મોબાઈલ ફોન સહિત ૩૬૫૦નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આરોપી

## માછીમારીની મોસમનો પ્રારંભ,દરિયામાં જવાની શરૂઆત

આ પૂજન બાદ હવે ખારવા સમાજના લોકો માછીમારી માટે દરિયામાં જવાની શરૂઆત કરશે. દરિયાદેવના આશીર્વાદ સાથે તમામ બોટ માછીમારી માટે રવાના થશે. આ પ્રસંગે ખારવા સમાજના પ્રમુખ કનૈયાલાલ સોલંકીએ જણાવ્યું કે, આ તહેવાર આપણા સમાજ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આપણે દરિયાદેવને પ્રાર્થના કરીએ છીએ કે સૌ માછીમારો સુરક્ષિત રહે અને તેમને સારી માછીમારી મળે.

આ પૂજામાં મોટી સંખ્યામાં ખારવા સમાજના ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેણે સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. આ તહેવાર ખારવા સમાજની દરિયા પ્રત્યેની શ્રદ્ધા અને આસ્થાનું પ્રતીક છે.

## ટ્રમ્પનાં તાજેતરનાં ટેરિફ-તોફાનને લીધે ભારત-યુ.એસ. સંબંધો પર અસર થશે




ન્યૂયોર્ક : પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના છેલ્લામાં છેલ્લા ટેરિફ-તોફાનને લીધે વર્ષો સુધી મહેનત કરી બાંધેલા ભારત-અમેરિકા સંબંધો ઉપર માઠી અસર થશે, તેમ કહેતા અમેરિકાની પ્રતિનિધિ સભા (લોકસભા)ના વરિષ્ટ ડેમોક્રેટ સાંસદ અને હાઉસ ફોરેન અફેર્સ કમીટીના મેમ્બર ગ્રેગરી મીક્સે ગુરૂવારે ચેતવણી આપી હતી કે તેથી વર્ષોની જહેમતે બંને દેશો વચ્ચે બંધાયેલા ગાઢ વ્યૂહાત્મક આર્થિક અને જનતાથી જનતા વચ્ચેના સંબંધો બગડશે તેમજ વિવિધ ક્ષેત્રે બંનેએ ઊભી કરેલી ભાગીદારીમાં તિરાડો પડશે.તે સર્વવિદિત છે કે પ્રમુખ ટ્રમ્પે ગત સપ્તાહે ભારત ઉપર ૨૫% ટેરિફ લાદ્યો હતો. તે પછી પણ ભારતે રશિયન ઓઈલ ખરીદવાનું ચાલુ રાખતા બીજો દંડાત્મક તેઓ વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદતા કુલ ૫૦% જેટલો આયાત કર ભારતીય ચીજ વસ્તુઓ ઉપર લાગુ પડતાં, બંને દેશો વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. પરિણામે ભારત રશિયા તરફ ઢળી રહ્યું છે. અને અમેરિકા પાસેથી ૩૫ ફાયટર જેટસ ખરીદવા સહિતના ઘણા શસ્ત્રાસ્ત્ર સોદા રદ કર્યા છે. તેથી અમેરિકાને આર્થિક નુકસાન પણ થયું છે. અમેરિકા સ્થિત ભારતીયો પણ ટ્રમ્પ તંત્રની વિરૂધ્ધ જઈ રહ્યા છે. તે સંયોગોમાં ડેમોક્રેટ સાંસદે આપેલી ચેતવણી ટ્રમ્પ માટે વિચારણીય બની શકે તેમ છે.

## ૧૮૦ દિવસમાં ૧૮૦ને મોતની સજા સઉદી અરબસ્તાનમાં ગજબની ઘટના



તા.૦૯

રીયાધ : સાપરાધ-મનુષ્યવધ સિવાય કોઈને મૃત્યુ દંડ નહીં અપાય તેવા સઉદી અરબસ્તાનના ક્રાઉન પ્રિન્સ મહમ્મદ બિન સલમાનનાં વચન છતાં સઉદી અરબસ્તાનમાં મૃત્યુદંડની સજા આપી રહી છે. જેમાં બહુસંખ્ય અપરાધીઓ નશાકારક દ્રવ્યોની હેરાફેરીમાં સંડોવાયેલા હતા. તે અપરાધીઓ ગરીબ દેશોમાંથી આવેલા અતિગરીબો હતા કે જેમની પાસે કાનૂની બચાવ માટે વકીલો રોકવાના પૈસા પણ ન હતા.

ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય કાનૂનનો ડ્રગની દાણચોરી કે હેરાફેરી માટે દેહાંડ દંડની સજા નકારે છે. પરંતુ સઉદી અરબસ્તાનમાં હજીયે મધ્ય યુગી કાનૂનો જ અમલી રહ્યા છે. તેથી કેટલાયે ના-છૂટકે ગરીબીને લીધે ડ્રગની દાણચોરી કરે અને તેમાં પકડાય તો તેમને ફાંસીએ લટકાવવાને બદલે શિરચ્છેદ કરીને જ મૃત્યુદંડ અપાય છે. તે રીતે એક દિવસમાં ૮ અપરાધીઓનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો. કારણ સીધું અને સાદું હતું ફાંસી માટે ૮ માંચડા ક્યાંથી રચી શકાય. જે ૮નો શિરચ્છેદ કરવામાં આવ્યો તે પૈકી ૪ સોમાલી હતા, ૩ યુથોપિયન્સ હતા આ ગરીબ અપરાધીઓને તાઝિર કાનૂન નીચે મૃત્યુદંડ અપાયો હતો.

## ભારતની સ્થિતિ અને પીએમ મોદીનું વલણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે દિલ્હીમાં એમએસ સ્વામીનાથન શતાબ્દી આંતરરાષ્ટ્રીય સંમ્મેલન દરમિયાન એક મજબૂત સંદેશ આપ્યો. તેમણે કહ્યું, 'અમારા માટે ખેડૂતોનું હિત સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ભારત તેના ખેડૂતો, માછીમારો અને ડેરી ક્ષેત્રના હિત સાથે ક્યારેય સમાધાન નહીં કરે. હું જાણું છું કે, આપણે આ માટે ભારે કિંમત ચૂકવવી પડી શકે છે, પરંતુ હું તેના માટે તૈયાર છું, ભારત તૈયાર છે.'ઉલ્લેખનીય છે કે, પીએમ મોદીના આ નિવેદન ટ્રમ્પના ટેરિફના જવાબ તરીકે જોવામાં આવી રહ્યો છે, જેમાં ભારતે સ્પષ્ટ કર્યું હતું કે, તે તેના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે તમામ જરૂરી પગલાં લેશે.

## રશિયા ગયેલા યુવકને યુદ્ધમાં ધકેલી દીધો, ૮ મહિને પાછા આવેલા ભારતીય આપવીતી

પંજાબના અમૃતસર જિલ્લાનું ગામડું જગદેવ ખુર્દના રહેવાસી સરબજીતસિંહ એપ્રિલ ૨૦૨૪માં રશિયા ગયો હતો. તેને ફક્ત બે સપ્તાહની તાલીમ પછી સીધા યુક્રેન સાથે લડાઈમાં ઉતારી દેવાયો.

રશિયા-યુક્રેન યુદ્ધમાં પરત ફરેલા સરબજીતે તેની આપવીતી સંભળાવી. તે લગભગ આઠ મહિના સુધી રશિયા વતી યુક્રેન સામે લડતો રહ્યો. સરબજીતે જણાવ્યું હતું કે મેં ગામડામાં ક્યારેય ગુલેલ સુદ્ધા ચલાવી ન હતી, પરંતુ ત્યાં મને આધુનિક શસ્ત્રોની તાલીમ આપીને યુદ્ધમાં ઉતારી દેવાયો. મારી આંગળી હંમેશા ટ્રિગર પર રહેતી હતી અને મારા મૃતદેહો વચ્ચેથી પસાર થવું પડતું હતું. મને ખબર નથી કે ક્યારે ગોળી ચાલશે કે ક્યારે ડ્રોનથી હુમલો થશે.તેણે જણાવ્યું હતું કે મારી સાથે બીજા ઘણા બધા લોકો કુરિયરનું કામ કરવા રશિયા ગયા હતા.



એરપોર્ટ પર ઉતરતા જ તેમને પકડી જવામાં આવ્યા. તેમને એક બિલ્ડિગમાં લઈ જઈ દસ્તાવેજ તૈયાર કરાવવામાં આવ્યા અને મેડિકલ ચેકઅપ પછી ૧૫ દિવસની લશ્કરી તાલીમ આપવામાં આવી. પાંચ-પાંચ લોકોની ટીમ બનાવી તેને લશ્કરી વર્દી પહેરાવવામાં આવી અને શસ્ત્રો આપી દેવાયા.

## રશિયા-યુક્રેન વચ્ચેનું યુદ્ધ ખતમ કરવામાં ભારત કરશે મદદ...

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ટેરિફ પછી બંને દેશો વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. દરમિયાન, અમેરિકાના સેનેટર લિન્ડસે ગ્રેહામે ભારતને રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો અંત લાવવા માટે પોતાના પ્રભાવનો ઉપયોગ કરવા વિનંતી કરી. તેમણે કહ્યું કે જો આ યુદ્ધ ભારત દ્વારા સમાપ્ત કરાવાય તો તે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો સુધારવામાં સૌથી મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. સોશિયલ મીડિયા સાઈટ ઠ પર પોસ્ટ કરતા, ગ્રેહામે લખ્યું કે, ×જેમ હું ભારતમાં મારા મિત્રોને કહી રહ્યો છું, ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો સુધારવા માટે તેઓ જે સૌથી મહત્વપૂર્ણ કાર્ય કરી શકે છે તે એ છે કે યુક્રેનમાં રક્તપાત રોકવાના પ્રયાસમાં પ્રમુખ ટ્રમ્પને મદદ કરો.×

ગ્રેહામે રશિયા પાસેથી ભારતની તેલ ખરીદીનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, ×ભારત પુતિનના સસ્તા તેલનો બીજો સૌથી મોટો ખરીદાર છે. આ તેલ ખરીદી દ્વારા મળેલા પૈસા પુતિનના યુદ્ધ મશીનને મદદ કરે છે.× રાષ્ટ્રપતિ પુતિન અને પીએમ મોદી વચ્ચેના તાજેતરના ફોન કોલનો ઉલ્લેખ કરતા ગ્રેહામે કહ્યું, ×મને આશા છે કે પીએમ મોદીએ પુતિન સાથેના તેમના તાજેતરના ફોન કોલમાં યુક્રેનમાં આ યુદ્ધના ન્યાયી, સન્માનજનક અને કાયમી ઉકેલને સ્વીકારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હશે.

## ડેનમાર્કના રાજદૂતે ડોનાલ્ડ ટ્રમ્પને આપ્યો જવાબ

મીડિયા ઈન્ટરવ્યુમાં ડેનમાર્કના રાજદૂત રાસમસ એબિલ્ડગાર્ડ ક્રિસ્ટેનસેને કહ્યું કે, 'હું ભારતને મૃત અર્થતંત્ર માનતો નથી. તેનાથી વિપરીત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થતંત્ર છે. મને લાગે છે કે આનો પુરાવો એ છે કે યુરોપિયન યુનિયન અને ભારત મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે. મને લાગે છે કે તે પરસ્પર ફાયદાકારક રહેશે.' EU અને ભારતને અસર કરતા ટેરિફના મુદ્દા વિશે ડેનમાર્કના રાજદૂત રાસમસ એબિલ્ડગાર્ડ ક્રિસ્ટેનસેને કહ્યું કે, 'ચોક્કસપણે ડેનમાર્ક, યુરોપિયન દૃષ્ટિકોણથી અમે ભારતને રોકાણ અને વેપાર માટે ખૂબ જ આશાસ્પદ સ્થળ માનીએ છીએ અને જો તે મૃત અર્થતંત્ર હોત તો એવું ન હોત. હું વ્યક્તિગત રીતે માનું છું અને આ ડેનમાર્કનો પણ દૃષ્ટિકોણ છે, બધા જાણે છે કે, અમે નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના પક્ષમાં છીએ, જ્યાં તે ફક્ત મોટા ખેલાડીઓનો પ્રશ્ન નથી.

# કેન્દ્રની મોદી કેબિનેટે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ૩૦,૦૦૦ કરોડ રૂપિયાની LPG સબસિડીને મંજૂરી આપી



નવી દિલ્હી,

કેન્દ્રીય મંત્રીમંડળે ૮ ઓગસ્ટના રોજ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ માટે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાની નોંધપાત્ર સબસિડીને મંજૂરી આપી છે જેથી ગ્રાહકો માટે લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ ને સ્થિર કરી શકાય અને તેને વધુ સસ્તું બનાવી શકાય. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી કે આ પગલાનો હેતુ દેશભરમાં ઉર્જા સુરક્ષા અને ઘરગથ્થુ રસોઈ ઈંધણની સતત પહોંચ સુનિશ્ચિત કરવાનો છે.

ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓને મજબૂત બનાવવા માટે રૂ. ૪,૨૦૦ કરોડ ફાળવવામાં આવ્યાકેબિનેટે 'મલ્ટિડિસિપ્લિનરી એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઇમ્પ્રૂવમેન્ટ ઇન ટેકનિકલ એજ્યુકેશન' યોજના માટે રૂ. ૪,૨૦૦ કરોડ મંજૂર કર્યા છે. આ પહેલ ૨૭૫ સરકારી અને સરકારી સહાયિત ટેકનિકલ સંસ્થાઓમાં માળખાગત સુવિધાઓ અને ગુણવત્તામાં વધારો કરવાનો લક્ષ્યાંક ધરાવે છે - જેમાં એન્જિનિયરિંગ કોલેજો, પોલિટેકનિક, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી , સ્ટેટ એન્જિનિયરિંગ સંસ્થાઓ અને સંલગ્ન ટેકનિકલ યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે. આ યોજના રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સાથે સુસંગત છે, જેનો હેતુ વિદ્યાર્થીઓના કૌશલ્ય, સંશોધન, નવીનતા અને શાસનમાં સુધારો કરવાનો છે અને દેશભરમાં અંદાજે ૭.૫ લાખ વિદ્યાર્થીઓને લાભ થશે.

શિક્ષણના આધુનિકીકરણ અને લિંગ સમાવેશ પર ધ્યાન કેન્દ્રિત કરશે

MERITE યોજના અભ્યાસક્રમના આધુનિકીકરણ, કારકિર્દીલક્ષી તાલીમ અને સુધારેલી ઇન્ટર્નશિપ તકો પર ભાર મૂકશે. ટેકનિકલ શિક્ષણમાં મહિલા ભાગીદારી વધારવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જેમાં STEM ક્ષેત્રોમાં તકો અને મહિલા વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન વિશે સચોટ માહિતી પૂરી પાડવા માટે રચાયેલ આઉટરીચ કાર્યક્રમોનો સમાવેશ થશે.

કેબિનેટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના માટે રૂ. ૧૨,૦૦૦ કરોડની સબસિડીને પણ મંજૂરી આપી હતી. આ સબસિડી આર્થિક રીતે નબળા પરિવારોને સબસિડીવાળા ન્ર્ કનેક્શનની જોગવાઈને ટેકો આપવાનું ચાલુ રાખશે, જે સરકારના સાર્વત્રિક સ્વચ્છ રસોઈ ઍક્સેસના લક્ષ્યને આગળ ધપાવશે.આ નિર્ણયો ઊર્જા ઍક્સેસ અને ટેકનિકલ શિક્ષણમાં સમાવિષ્ટ વૃદ્ધિ તરફ સરકારના નોંધપાત્ર દબાણને ચિહ્નિત કરે છે, જેમાં સમગ્ર ભારતમાં લાખો ઘરો અને વિદ્યાર્થીઓને લાભ થશે.

# અમદાવાદના કાલુપુર વિસ્તારમાં વધુ એક જર્જરિત મકાનનો કેટલોક ભાગ ધરાશાયી

## સદનસીબે કોઈ જાનહાની નથી થવા પામી



અમદાવાદ,

અમદાવાદના કાલુપુર વિસ્તારમાં આવેલી એક પોળમાં વધુ એક જર્જરિત મકાનનો કેટલોક ભાગ ધરાશાયી થતાં સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઇ નથી પરંતુ આ ઘટનાએ ફરી એકવાર અમદાવાદ શહેરમાં આવેલા હજારો ભયજનક અને જર્જરિત મકાનોના મુદ્દાને ઉજાગર કર્યો છે. શહેરના અનેક જૂના વિસ્તારો, ખાસ કરીને પોળમાં આવેલા મકાનોની હાલત અત્યંત દયનીય છે. ચોમાસાની ઋતુમાં આવા મકાનો જોખમરૂપ બની જાય છે. તેમ છતાં, તંત્ર દ્વારા આ મકાનોને ખાલી કરાવવા કે સમારકામ કરાવવા માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી. કાલુપુરની આ ઘટના એ દર્શાવે છે કે શહેરીજનોના જીવ જોખમમાં છે અને તંત્ર માત્ર કાગળ પર કામગીરી કરીને સંતોષ માની રહ્યું છે.આવા ભયજનક મકાનોનું તાત્કાલિક સર્વેક્ષણ કરીને ભયજનક મકાનોને નોટિસ આપીને ખાલી કરાવવા જોઈએ. જો તંત્ર હજી પણ નિષ્ક્રિય રહેશે તો ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે જેની જવાબદારી સીધી મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે. જાગૃત પોળની આ ઘટના તંત્ર માટે ચેતવણીરૂપ છે.

# કેન્દ્રીય ચૂંટણી પંચે તેજસ્વી યાદવનું EPIC કાર્ડ 'બનાવટી' જાહેર કર્યું, ૧૬ ઓગસ્ટ સુધીમાં અસલી કાર્ડ માંગ્યું

નવી દિલ્હી/પટના,

ભારતીય ચૂંટણી પંચ એ એક પત્રકાર પરિષદ દરમિયાન તેજસ્વી યાદવ દ્વારા દર્શાવવામાં આવેલા EPIC (ચૂંટણી ફોટો ઓળખ કાર્ડ) નંબરને નકલી જાહેર કર્યો છે. દર્શાવેલ કાર્ડ નંબર, ઇછમ્૨૯૧૬૧૨૦, અનધિકૃત હોવાનું જણાયું હતું અને EPIC ના ડેટાબેઝમાં કોઈપણ રેકોર્ડ સાથે મેળ ખાતો નથી. આનાથી બિહારના વિરોધ પક્ષના નેતા દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજની અધિકૃતતા અંગે ગંભીર ચિંતાઓ ઉભી થઈ છે.

ચૂંટણી પંચે નોટિસ અને સમયમર્યાદા જારી કરી છે EC એ હવે તેજસ્વી યાદવને એક નવી નોટિસ જારી કરી છે, જેમાં તેમને ૧૬ ઓગસ્ટ, ૨૦૨૫, સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં ચકાસણી માટે મૂળ EPIC કાર્ડ સબમિટ કરવાનું કહેવામાં આવ્યું છે. નોટિસમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે રાઘોપુર વિધાનસભા મતવિસ્તાર માટે ૨૦૧૫ અને ૨૦૨૦ માં દાખલ કરાયેલા તેજસ્વીના ઉમેદવારી પત્રોમાં, EPIC નંબર ઇછમ્૦૪૫૬૨૨૮ નોંધાયેલ હતો. આ નંબર મતદાર યાદી અપડેટ દરમિયાન બૂથ લેવલ ઓફિસર દ્વારા સબમિટ કરાયેલા તાજેતરના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન ૨૦૨૫ રેકોર્ડમાં પણ



દેખાય છે.આ સત્તાવાર રેકોર્ડ હોવા છતાં, ૨ ઓગસ્ટ (રવિવાર) ના પ્રેસ ઇવેન્ટમાં રજૂ કરાયેલ EPIC નંબર ભારતના સમગ્ર ચૂંટણી ડેટાબેઝમાં જોવા મળ્યો ન હતો, જેના કારણે આરોપો ઉભા થયા હતા કે બતાવેલ કાર્ડ નકલી છે.તેજસ્વીએ પહેલા આરોપ લગાવ્યો હતો કે ૧ ઓગસ્ટના રોજ બહાર પાડવામાં આવેલી નવી ડ્રાફ્ટ મતદાર યાદીમાં તેમનું નામ નથી, અને બાદમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે તેમનો EPIC નંબર બદલાઈ ગયો છે.

ચૂંટણી પંચે યાદ અપાવ્યું હતું કે નકલી સરકારી દસ્તાવેજો બનાવવા અથવા તેનો ઉપયોગ કરવો કાયદા હેઠળ સજાપાત્ર ગુનો છે. તે મુજબ, તેણે તેજસ્વી યાદવને નિર્ધારિત સમયમર્યાદા સુધીમાં શંકાસ્પદ EPICકાર્ડ ચૂંટણી નોંધણી અધિકારીની કચેરીને સોંપવા માટે ભારપૂર્વક વિનંતી કરી છે.આ મામલો ગંભીર ચૂંટણી અખંડિતતાની ચિંતાઓ તરફ નિર્દેશ કરે છે અને રાજકીય વર્તુળોમાં વ્યાપક ધ્યાન ખેંચ્યું છે. સ્પષ્ટતા માંગવાના ઈઝ ના પગલાનો હેતુ પારદર્શિતા સુનિશ્ચિત કરવાનો અને મતદાર નોંધણી પ્રણાલીની વિશ્વસનીયતા જાળવવાનો છે.

# નાર્કો-ટ્રાફિકિંગ કેસઃ ટ્રમ્પે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ માદુરો પરનું ઈનામ બમણું કર્યું



વેનેઝુએલા,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ માટે ઈનામ બમણું કરીને ૫૦ મિલિયન ડોલર કરી દીધું છે, અને તેમને વિશ્વના સૌથી મોટા નાર્કો-તસ્કરોમાં સામેલ કરવાનો આરોપ લગાવ્યો છે. અધિકારીઓએ આરોપ લગાવ્યો છે કે માદુરોએ ડ્રગ કાર્ટેલ સાથે સહયોગ કરીને યુનાઇટેડ સ્ટેટ્સમાં ફેન્ટાનાઇલ ભેળસેળવાળા કોકેનનો ભરાવો કર્યો હતો.

એપી એ ગુરુવારે જારી કરેલા એક વિડીયો નિવેદનમાં એટર્ની જનરલ પામ બોન્ડીને ટાંકીને જણાવ્યું હતું કે, ×રાષ્ટ્રપતિ ટ્રમ્પના નેતૃત્વ હેઠળ, માદુરો ન્યાયથી બચી શકશે નહીં અને તેમને તેમના ઘૃણાસ્પદ ગુનાઓ માટે જવાબદાર ઠેરવવામાં આવશે.×

માદુરો પર મૂળ ૨૦૨૦ માં, ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન, મેનહટનની ફેડરલ કોર્ટમાં, ઘણા નજીકના સાથીઓ સાથે, નાર્કો-આતંકવાદ અને યુએસમાં કોકેનની દાણચોરીના આરોપમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. તે સમયે, અમેરિકાએ તેમની ધરપકડ પર ૧૫ મિલિયન ડોલરનું ઈનામ રાખ્યું હતું. બાદમાં બિડેન વહીવટીતંત્ર દ્વારા આ આંકડો વધારીને ૨૫ મિલિયન ડોલર કરવામાં આવ્યો હતો, જે ૯/૧૧ના હુમલા પછી ઓસામા બિન લાદેન માટે ઓફર કરાયેલા ઈનામની બરાબર હતો.

# ટામેટા, ડુંગળી અને બટાકાના ભાવ સ્થિર રહે તે માટે કેન્દ્રએ સક્રિય દેખરેખ અને હસ્તક્ષેપ કર્યું

નવી દિલ્હી,

ચાલુ કેલેન્ડર વર્ષ દરમિયાન ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ મોટાભાગે સ્થિર અને સારી રીતે નિયંત્રિત રહ્યા છે. આજની તારીખે, ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા દેખરેખ રાખવામાં આવતી મોટાભાગની ચીજવસ્તુઓના ભાવ વાર્ષિક ધોરણે સ્થિર અથવા ઘટતા વલણ દર્શાવે છે. જુલાઈ ૨૦૨૫માં ઘરે બનાવેલા થાળીના ભાવમાં ૧૪%નો ઘટાડો મહિના દરમિયાન ખાદ્ય ફુગાવાના સતત ઘટાડાને પ્રતિબિંબિત કરે છે.



દેશભરના વિવિધ કેન્દ્રો પર પ્રવર્તતા ટામેટાંના છૂટક ભાવ કોઈપણ મૂળભૂત માંગ-પુરવઠા અસંતુલન અથવા ઉત્પાદન ખાધને બદલે કામચલાઉ સ્થાનિક પરિબળોથી પ્રભાવિત છે.

આ સંદર્ભમાં, નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા ૪ ઓગસ્ટ ૨૦૨૫ થી આઝાદપુર મંડીમાંથી ટામેટાં ખરીદી રહ્યું છે અને ગ્રાહકોને ન્યૂનતમ માર્જિન સાથેના ભાવે વેચી રહ્યું છે. NCCF દ્વારા પાછલા વર્ષોમાં પણ આવી જ પહેલ હાથ ધરવામાં આવી હતી.

આજ સુધી, NCCF એ ખરીદી ખર્ચના આધારે ?૪૭ થી ?૬૦ પ્રતિ કિલોગ્રામના છૂટક ભાવે ૨૭,૩૦૭ કિલોગ્રામ ટામેટાં વેચ્યા છે. છૂટક વેચાણ NCCF ના નહેરુ પ્લેસ, ઉદ્યોગ ભવન, પટેલ ચોક અને રાજીવ ચોક ખાતેના સ્ટેશનરી આઉટલેટ્સ તેમજ શહેરના વિવિધ સ્થળોએ કાર્યરત ૬-૭ મોબાઈલ વાન દ્વારા કરવામાં આવી રહ્યું છે.દિલ્હીમાં ટામેટાંનો હાલનો સરેરાશ છૂટક ભાવ, ?૭૩ પ્રતિ કિલો છે, જે મુખ્યત્વે જુલાઈના છેલ્લા અઠવાડિયાથી દેશના ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ પ્રદેશોમાં ભારે વરસાદનું પરિણામ છે. હવામાન સંબંધિત આ વિક્ષેપને કારણે જુલાઈના અંત સુધીમાં ભાવ ?૮૫ પ્રતિ કિલો સુધી વધી ગયા હતા. જોકે, છેલ્લા અઠવાડિયામાં આઝાદપુર મંડીમાં દૈનિક આવકમાં સુધારો અને સ્થિરતા સાથે, મંડી અને છૂટક ભાવ બંનેમાં ઘટાડો થવા લાગ્યો છે.તેનાથી વિપરીત, ચેન્નાઈ અને મુંબઈ જેવા મુખ્ય શહેરો, જેમણે તાજેતરના અઠવાડિયામાં અસામાન્ય હવામાન પરિસ્થિતિઓનો અનુભવ કર્યો નથી, ત્યાં ભાવમાં સમાન વધારો જોવા મળ્યો નથી. ચેન્નાઈ અને મુંબઈમાં ટામેટાંના હાલના સરેરાશ છૂટક ભાવ અનુક્રમે ?૫૦ પ્રતિ કિલો અને ?૫૮ પ્રતિ કિલો છે - જે દિલ્હીના પ્રવર્તમાન ભાવ કરતા નોંધપાત્ર રીતે ઓછા છે.


# શું ફરી ભત્રીજા અજિત પવાર સાથે હાથ મિલાવશે શરદ પવાર



મહારાષ્ટ્રના રાજકારણમાં એ સમયે મોટી ઉથલપાથલ થઈ, જ્યારે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (દ્ગઝ્રઁ) માં ભાગલા પડ્યા અને અજિત પવારે બળવો કરીને શરદ પવાર સાથ છેડો ફાડી નાખ્યો. એ પછી, તેઓ ભાજપ અને એકનાથ શિંદેને ટેકો આપતા મહાયુતિ ગઠબંધનમાં જોડાઈ ગયા. પરંતુ હવે ફરી એકવાર એવી ચર્ચા થઈ કે શરદ પવાર તેમના ભત્રીજા અજિત પવાર સાથે હાથ મિલાવી શકે છે, પરંતુ, શરદ પવારે બધી અટકળોને ફગાવી દીધી છે. શરદ પવારે કહ્યું છે કે, 'તેઓ ક્યારેય ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનને સમર્થન નહીં આપે.

દિગ્ગજ નેતા શરદ પવારની આ ટિપ્પણી એવા સમયે આવી છે, જ્યારે થોડા દિવસ પહેલા મુંબઈમાં એક પારિવારિક કાર્યક્રમમાં કાકા અને ભત્રીજા સાથે જોવા મળ્યા હતા. દ્ગઝ્રઁ (જીઁ) ના વડા શરદ પવાર અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર ૩ ઓગસ્ટે મુંબઈમાં શરદ પવારના પૌત્ર યુગેન્દ્ર પવારના સગાઈ સમારોહમાં સાથે જોવા મળ્યા હતા. આ અગાઉ પણ જ્યારે શરદ પવારે તેમના ભત્રીજા અજિત પવાર સાથે હાથ મિલાવવાની અટકળોને ફગાવી દીધી હતી. આ વર્ષે જૂનમાં, શરદ પવારે દ્ગઝ્રઁના બંને જૂથો સાથે આવવાની અટકળોને ફગાવતા કહ્યું હતું કે, 'અમારો પક્ષ સત્તા માટે ભાજપ સાથે હાથ મિલાવનાર કોઈપણ પક્ષ સાથે ગઠબંધન કરશે નહીં.

# ગુજરાત વિધાનસભામાં આગામી તા. ૮ થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન 'ચોમાસું સત્ર' યોજાશેઃ વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના 'ચોમાસુ સત્ર'નું રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા આહ્વાન થયું છે. જે અંતર્ગત તારીખ ૮ થી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી ત્રણ દિવસ ૧૫મી વિધાનસભાનું સાતમું સત્ર યોજાશે. ગુજરાત વિધાનસભાએ ચોમાસું સત્ર સંબંધિત જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

આ સંદર્ભે વિગતો આપતાં વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે ૧૫મી વિધાનસભાના સાતમાં સત્રનું આહ્વાન કર્યું છે. જે અંતર્ગત આગામી તા. ૮, ૯ અને ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન ત્રણ દિવસ 'ચોમાસું સત્ર' યોજાશે. ગુજરાત વિધાનસભા ખાતે આગામી તા. ૨૦ ઓગસ્ટ સુધી ધારાસભ્યશ્રીઓ પોતાના પ્રશ્નો ઓનલાઇન તેમજ પ્રત્યક્ષ એમ બંને પદ્ધતિથી આપી શકશે.

વધુમાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે તા. ૮ થી ૧૦ સપ્ટેમ્બર એમ ત્રણ દિવસ દરમિયાન સરકારી કામકાજમાં જી.એસ.ટી. સુધારા વિધેયક તેમજ ફેક્ટરી એક્ટ સુધારા વિધેયકના વટ હુકમ વિધાનસભામાં રજૂ થશે. જો સરકાર પાસે અન્ય કોઈ બાકીનું કામકાજ હશે તો તે પણ રજૂ થતાં આગળ લેવામાં આવશે. આ ઉપરાંત તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ શનિવારના રોજ બોલાવવામાં આવેલી કામકાજ સલાહકાર સમિતિની મીટિંગમાં વિધાનસભા કામગીરીની વિગતવાર ચર્ચા કરવામાં આવશે.

# પતિ ,પત્ની ઔર વોહ ટૂમાં ત્રણ ત્રણ હિરોઈનો હશે



મુંબઇ : 'પતિ, પત્ની ઔર વોહ'માં એક હિરો અને બે હિરોઈનની સ્ટોરી હતી જ્યારે 'પતિ, પત્ની ઔર વોહ ટુ'માં એક હિરો સાથે ત્રણ હિરોઈનની વાર્તા હશે. એક હિરો સામે ત્રણ હિરોઈન તરીકે સારા અલી ખાન, વામિકા ગબ્બી અને રકૂલ પ્રિતસિંહ એમ ત્રણ હિરોઈનોને સાઈન કરાઈ છે. મૂળ ફિલ્મમાં કાર્તિક આર્યન સાથે ભૂમિ પેડનેકર અને અનન્યા પાંડે હતાં.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NG: N.O.G. S S NO-338**
વિષય : રક્ષાબંધન
શીર્ષક - નિર્મળ નિઃસ્વાર્થ સ્નેહ
પ્રકાર પદ્ય શબ્દ સં. ૭૫

ભાઈલા ,તારી વ્હાલી આ બેન , તને યાદ કરી ભીંજાય એનાં નૈન.

લડતાં - ઝઘડતાં મસ્તી કરતાં,
તોય ફિકર એકબીજાની કરતાં !!

બેની મીઠી યાદોના હિંડોળે ઝૂલે,
વ્હાલા બાંધવને એ કેમ ભૂલે ?

છોને વસે એ વિદેશે દૂર -સુદૂર
પણ ભાઈ તો વસ્યો છે એને ઉર .

તોફાનમસ્તી કરે ને બહુ ખીજવે.
છતાં પણ મીઠા શબ્દોથી રીઝવે .

બેનની ચિંતામાં ન પડે એને ચેન
અશ્રુથી ઉભરાય એનાં નૈન.

છે નિર્મળ ભાઈબહેન નો પ્યાર
સ્વાર્થનો અંશ એમાં નથી લગાર -

ભાઈને કાજે લે બાધા આખડી, બેની બાંધે એને મજાની રાખડી.

નિહારિકા અંજારિયા નેહા

**NG: NOG SS NO - 0037**
વિષય - રક્ષાબંધન
વિભાગ - પદ્ય
શબ્દ - ૧૧૦
શીર્ષક - બાંધવ
સૌથી સવાયું મારું પિયરીયું હો રાજ
એથી સવાયા મારા બાંધવ હો રાજ.

સૌથી શ્રેષ્ઠ ભાઈ બહેનનો સ્નેહ હો રાજ
પવિત્ર પાવન સ્નેહની સરવાણી હો રાજ.

રામ લક્ષ્મણ જેવાં મારાં બાંધવ હો રાજ
જડસે ના જગતમાં એમની જોડ હો રાજ.

માત પિતાનો પડછાયો મારાં બાંધવ હો રાજ
મારાં જીવનનાં આધરસ્તંભ છે હો રાજ.

સુતરના તારની લાવી હું તો રાખડી હો રાજ
તાંતણે તાંતણે ગુથ્યાં સંસારનાં સર્વે સુખ હો રાજ.

સ્નેહ શ્રદ્ધા આશિષની બાંધી રાખડી હો રાજ
કુમકુમ તિલક કર્યું ચોખલે વધાવ્યાં હો રાજ .

અંતરને ઉમળકે આશિષ આપ્યાં હો રાજ
સદા સહાય સંગ રહે દ્વારકાધીશ હો રાજ.
હેમલતા દિવેચા ' હેમ ' જૂનાગઢ

**NG: NOG SS NO - 373**
વિષય - રક્ષાબંધન
શીર્ષક - ભાઈ બહેનનો તહેવાર
પ્રકાર - પદ્ય શબ્દ - ૫૮

ભાઈ બહેનના સંબંધનો આવ્યો તહેવાર,
આ તહેવારમાં છે ભરપૂર પ્રેમનો વ્યવહાર.

ભાઈ માટે બહેનની લાગણી રહેશે અપાર,
આ લાગણીમાં પ્રભુનો છે બહુ મોટો ઉપકાર.

મારા ભાઈઓના બધા સપના થાય સાકાર,
તેમાં પ્રભુનો મળી જાય જો પુરેપુરો સહકાર.

પ્રભુ એ ભાઈ આપીને બનાવ્યો સુંદર સંસાર,
તે બદલ પ્રભુજીને કરું છું હું વારંવાર નમસ્કાર.

દવે રૂપલ "રૂપ"

**NG: NOG. SS No: 194**
વિષય : રક્ષાબંધન
શીર્ષક : રક્ષાબંધન.
પ્રકાર : પદ્ય, શબ્દ : ૬૯

" ભાઈ - બહેનના પવિત્ર પ્રેમને દર્શાવતો એ,
'રક્ષાબંધનના' નામે પ્રેમથી સર્વત્ર ઉજવાતો એ.

સુતરના તાંતણે બંધાઈને ઉજવાતો એ,
બહેનના અસીમ પ્રેમથી પોષાતો એ.

હોય પરિસ્થિતિ ભાઈની ગમે એ,
બહેન માટે અમૂલ્ય હોવો 'ભાઈ ' એ.

પસલીની ભૂખે નથી આવતી એ,
મીઠાસંબંધ રહે ખેવના બહેનની એ.

ભાઈ માટે સદૈવ પ્રાર્થતી એ,
ભાઈને પોતાનો ટેકો માનતી એ.

ભારતીય સંસ્કૃતિનું સન્માનિય પર્વ એ,
તેથીજ નાત-જાત ભૂલી ઉજવાતો એ."

નામઃ ખ્યાતિ જીગર દેસાઈ. (અમદાવાદ)

**[NG: NOGSSNO: 352**
વિષય :- રક્ષાબંધન
શીર્ષકઃ- ભાઈ
શબ્દ સંખ્યાઃ- ૨૯૩ પ્રકારઃ- ગદ્ય લેખ

ભાઈ,

એક એવો સંબંધ જે બાળપણથી જ આપણા જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.એક જ કુખેથી જન્મેલા ભાઈ સાથે વિતાવેલી ક્ષણો, રમતો, રમકડાં અને ઝઘડા યાદ રાખીએ છીએ. ભાઈ એક એવો સાથી છે જે દરેક સુખ અને દુઃખમાં આપણી સાથે રહે છે.

ભાઈ સાથેના આપણા સંબંધમાં એક ખાસ બંધન છે. તે આપણો બાળપણનો સાથી, આપણો કિશોરાવસ્થાનો માર્ગદર્શક અને આપણો પુખ્ત જીવનનો સહાયક છે. ભાઈ સાથેના આપણા સંબંધમાં પ્રેમ, સહકાર અને સમજણની લાગણી હોય છે.

આપણે હંમેશા ભાઈ સાથે વિતાવેલા ક્ષણોને યાદ રાખીએ છીએ. પછી ભલે તે રમતો હોય, રમકડાં હોય કે ઝઘડા અને ઝઘડા હોય, ભાઈ સાથે વિતાવેલા ક્ષણો આપણને જીવનભર યાદ રહે છે. ભાઈ સાથે વિતાવેલા ક્ષણો આપણને જીવનનું સત્ય અને મૂલ્યો શીખવે છે.

ભાઈ પ્રત્યે આદર અને પ્રેમની લાગણી આપણા સંબંધોને મજબૂત બનાવે છે. ભાઈ સાથેના આપણા સંબંધમાં સહકાર, સમજણ અને પ્રેમની ભાવના હોવી જોઈએ. ભાઈ પ્રત્યે આદર અને પ્રેમની લાગણી આપણને જીવનમાં આગળ વધવા માટે પ્રેરિત કરે છે.

ભાઈ એક એવો સંબંધ છે જે આપણા જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આપણા ભાઈ સાથે વિતાવેલા ક્ષણો, પ્રેમ અને આદરની લાગણી આપણા સંબંધોને મજબૂત બનાવે છે. આપણા ભાઈ પ્રત્યે આદર અને પ્રેમની લાગણી આપણને જીવનમાં આગળ વધવા માટે પ્રેરે છે.

ભાઈ તેની બહેન ઉપર ત્રાહિત વ્યક્તિ આંગળી ઉઠાવે તો તેના બચાવમાં બધુ હોડમાં મૂકી દેતો હોય છે. ભાઈનાં આવા વર્તન પાછળ એ જ રાખડીનો રણકાર છુપાયેલો હોય છે. આજે સમાજમાં કેટલાયે ઉદાહરણીય ભાઈ ‐બહેનો છે, જેવો એ એક બીજાને માતાપિતાની હૂંફ આપી છે. એવી બહેનો પણ છે કે જેણે લગ્ન પછી પણ એજ બાળપણની મુગ્ધતા ભાઈઓ સાથે જીવંત રાખી છે. નાનપણથી સાથે ઉછેરેલ બહેન રક્ષાબંધનને દિવસે પ્રેમથી, હેતથી ભાઈને રક્ષા બાંધે છે. મોટેભાગે આ લોહીની સગાઈ હોય છે. જે સમાજમાં બંધુની ધરોહર મજબૂત હોય તે સમાજમાં સંસ્કૃતિની પકડ મજબૂત રહે છે. અને લોકો સબંધો વડે કપરામાં કપરા સમયને હંફાવી શકે છે.

શોભના ભટ્ટ

**NG: NOG SS NO- 334**
વિષયઃ-રક્ષાબંધન
શીર્ષકઃ- ભાઈની રક્ષા કવચ
પ્રકારઃ- ગદ્ય
શબ્દો :- ૨૯૮

તહેવારોની ભરમાર તો આપણા ભારતમાં અગણિત છે.દરેક તહેવારોને ધૂમધામથી ઉજવણી કરવામાં માનનારા આપણા ભારતના લોકો માટે અને ખાસ કરીને ભાઈ અને બહેનના પવિત્ર પ્રેમને વ્યક્ત કરતો તહેવાર એટલે રક્ષાબંધન!
'રક્ષા કરવા બેની તો દોડતી આવે રે;
ભાઈને હાથે પ્રેમથી બાંધે રાખડી રે!'
આ રક્ષાબંધન પર્વ ભાઈની રક્ષા કરવાના હેતુથી એની બહેન રાખડી બાંધી પોતાના વીરાના લાંબા આયુષ્યની હંમેશા મંગળકામના ઈચ્છે છે.પોતાનો ભાઈની સાથે નાનપણથી લઈ મોટા થાય ત્યાં સુધી સુખદુઃખના સહભાગી બની એકબીજાની પડખે ઉભા રહે એ બહેન ભાઈને દુનિયામાં કોઈની નજર ન લાગે એ મનોમન ખેવના રાખે છે.અંધારે અજવાળે ભાઈની રક્ષા માટે પ્રાર્થના કરતી બેનીને સતાવતો, ચીડવતો, ખીજવાતો, લાડ કરતો ભાઈ એના લગ્ન થતાં જાણે એનું એક અંગ કપાઈ ગયું હોય એવું અહેસાસ કરે છે.ભાઈને મન એની બહેન અને એની રક્ષા સાચા અર્થમાં જીવનભર બેનીને હિંમત અને વિશ્વાસ આપવાનો હોય છે.આવા નિર્મળ પ્રેમની ગાથા ગવાતી સદીઓથી ગવાતી આવી છે. બેનીની રાખડી રક્ષાકવચ બની ભાઈની સદા ચાકરી કરે છે.બેનીને મન ભાઈ પાસેથી માંગેલી ભેટ સોગાદમાં પણ જાણે એક નિર્દોષ સ્નેહભાવ છુપાયો હોય છે.
આજે એક જ સંતાનની મનોકામના રાખનારા મા બાપ પોતાના વારસામાં એમના સંતાનોને આ રક્ષાબંધનના પવિત્ર તહેવારથી અલિપ્ત કરતા જઈ રહ્યા હોય એવું લાગી રહ્યું છે. આ એક માત્ર સંતાન ભાઈ અને બહેન સાથેના જોડાણની અનુભૂતિ કરી શકવાના નથી.એમને મન આ પ્રકારના લોહીના સંબંધોથી તેઓ હવે અળગા અને એકલવાયું જીવન જીવતા તરફ ધકેલાઈ જવાના એંધાણ વર્તાઈ રહ્યાં છે.આવી પરિસ્થિતિ હવેના સમયમાં નિર્માણ થવા પામી છે.આવી પરિસ્થિતિ નિર્માણ ન થાય વીરપસલી તરીકે ઓળખાતો આ તહેવાર સૌ નાત,જાત, ધર્મથી ઉપર જઈ સૌ કોઈ સમાન ભાવથી ઉજવે એવી જ આશા આવનારા સમયમાં સાકાર થાય અને એ આશાને જીવંત કરી રક્ષાબંધનને પૂરા દિલથી વધાવીએ એમાં કોઈ ચોઘડિયાં મૂહુર્ત જોવા જવાની જરૂર નથી.આ તો રક્ષા માટેની રાખડી છે.એ જ ભાઈની રક્ષા કવચ હોય તો પછી ખોટી માન્યતાને ઘર ન કરીએ અને એને દૂર કરવાની એક નવી વિચારધારાને અપનાવી આગળ વધતા રહીએ.

ડૉ ફાલ્ગુની રાઠોડ 'ફાગ' નવસારી

**NOG SS NO : 230**
વિષય : રક્ષાબંધન
શીર્ષક : સવજી
પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૪૭

અમે છ બહેનો અને બે ભાઈ. બંને ભાઈ અમને જીવથી વહાલા હતા. અમે ધોબીવાડમાં રહેતાં હતાં . આસપાસ ની વસ્તી ધોબીની હતી. એની વચ્ચે અમારી હવેલી હતી.

અમારી પાસે રાણીભાભી અને શામજીકાકા રહેતા હતા. રાણીભાભી અમારા કપડાં ધોતાં અને શામજીકાકા કપડાં ઈસ્ત્રી કરતા હતા. એમનો દીકરો સવજી. જે અમારા બંને ભાઈઓનો મિત્ર હતો.
એ વખતે માણસને માણસ તરીકે જ પ્રેમ કરવામાં આવતો હતો. સવજી અમારો ત્રીજો ભાઈ બની ગયો હતો. બધાં તહેવાર ઈદ, દિવાળી, રક્ષાબંધન અમે સાથે મળીને ઉજવતાં.

રક્ષાબંધન આવે એટલે સવજી ફૂલ, કંકુ અને ભેટ લઈને અમારે ઘરે પહોંચી જાય. બંને ભાઈ રાખડી બંધાવી લે તો સવજી લાંબો હાથ કરીને ઉભો રહી જાય. છ બહેનો છ રાખડી બાંધી દે એટલે રાખડી બાંધી ગર્વથી શેરીમાં ફર્યા કરે. બંને ભાઈઓ જેટલો જ પ્રેમ અમે સવજીને કરતાં હતાં . સવજી પણ એટલાં જ પ્રેમનો એ હકદાર હતો.

બહેનોના લગ્ન થઈ ગયાં. અમે ઘર બદલી બસો નવાણુંમાં રહેવાં ગયાં. સવજી ત્યાં પણ અમને મળવા આવતો. હર સુખ દુઃખ માં સવજી હાજર હોય જ. સવજી હવે મારા મોટાભાઈની દુકાનમાં નોકરી કરતો.

બાને કૈક પ્રોબ્લેમ થાય એટલે સવજી બાને ભાવનગર લઈ જાય. બાને બહેનનાં ઘરે ફળિયામાં ખાટલો નાખી સુવાડે અને ત્યાંજ ખાવા પીવાનું આપી બાની સેવા કરે. બહેન બીજા માળે રહેતી તેથી બા દાદર ના ચડી શકે. તેથી સવજી ઉપર નીચે ધક્કા ખાય અને બા ને જોઈતી વસ્તુ પહોંચાડે.

મોટાભાઈ અને સવજી વચ્ચે કૈક અણબનાવ બન્યો અને સવજીએ ઘરે આવવાનું બંધ કર્યું.એ વરસે એ રાખડી બંધાવવા ના આવ્યો. અમને બંને બહેનોને ખૂબ દુઃખ થયું.

પછી તો મારા લગ્ન થઈ ગયા. હું અમેરિકા આવી ગઈ. સવજી ભાવનગર મુવ થઈ ગયો . તેણે લગ્ન કરી લીધા. બે બાળકોનો પિતા બની ગયો. તેને ડાયાબિટીસ થયું. પગની આંગળીઓમાં ઈન્ફેકશન થતા આંગળીઓ કપાવવી પડી હતી.
હજુ પણ હું ભાવનગર જાઉં તો મને મળવા આવી જાય. પ્રેમ કોઈ જાતિ કે ધર્મ, ઊંચ નીચ , હોદ્દો, જમાત, કે પાર્ટી નથી જોતો! અમારા બા પપ્પાની સેવા કરી છે જેટલી અમે પણ નથી કરી. સવજીએ હંમેશા બહેનોની કદર કરી અને બહેનોના દિલમાં ઘર કર્યું છે. વ્હાલાં સવજી તું જ્યા હોય ત્યાં સુખી રહેજે.

સપના વિજાપુરા

**NG: NOG SS0092**
વિષય : રક્ષા બંધન
શિર્ષક : સૂતરનો તાંતણો
પ્રકાર : પદ્ય. શબ્દ:૧૩૯

લાગે આજે સૂતરનો તાંતણો,
લોખંડની સાંકળ સમો.
બચાવે સર્વે વિઘ્નો ને સંકટોથી,
જાણે કોઈ અદૃશ્ય શસ્ત્ર સમો!

આ જ તાંતણે બંધાઈને,
અભિમન્યુની રક્ષા થઈ હતી.
પાંચાળીના ચીર પૂર્યા હતા કૃષ્ણે ને,
કૌરવોની હાંસી થઈ હતી.

સુભદ્રાજી એ જગન્નાથજીને,
બાંધ્યા હતા આ જ રક્ષા સૂત્રે.
ભાઈ બહેનના હેતનો મહિમા,
રંગ બની છલકાયો હતો સર્વત્રે.

આજે એ જ રાખડી તારા હાથે,
મારા ભાઈ ! હું બાંધી રહી છું.
તારી સલામતી, સફળતા, સુખ ને,
પ્રભુ પાસે સદાય માંગી રહી છું.

પ્રગટે મારી રાખડીમાંથીયે એવાં સ્પંદનો,
અવસરો આવે તારા દ્વારે ઉમંગનો.
સદાય ખુશીઓની સંગત હો તને,
સુખોના રંગોની રંગત હો તને.

આવરદા હો સ્વસ્થ, સુખી, સો વર્ષની,
આંગણે વર્ષા હો સદાય હર્ષની.
પરિવાર તારો સફળ અને હંમેશા સાથે હો,
પ્રભુનો કૃપાળુ હાથ સદાય માથે હો.

અલકા નવિનચંદ્ર મહેતા

**NG: NOGSS— 209**
વિષય— રક્ષાબંધન શિર્ષક—ભાઈબહેનાં પ્રેમનું પ્રતિક - શબ્દો-૯૦

પવિત્ર શ્રાવણ માસમાં, જામે તહેવારોનો મેળો
હર્ષોલ્લાસથી ઉજવાય તહેવારો,ઉભરાય લાગણીનો ઉભરો.

ભાઈબહેનનાં પ્રેમનું પવિત્ર પ્રતિક એટલે રક્ષાબંધન,
કાચા તાંતણે બંધાતો ભાઈ,બહેનની રક્ષા કાજે,
બહેન પણ કરે પ્રાર્થના,ભોળાનાથને,
કરજો રક્ષા,મારા માડી જાયા વીરની.

એકમેકની પાઠવે શુભકામના,આનંદ મંગલ, તહેવાર ઉજવાય.

'સ્વધા' રક્ષાબંધનનો તહેવાર, ઘરઘરમાં ઉજવાય,
પવિત્ર કાચો તાંતણો, પ્રેમની મજબૂત ગાંઠ થકી બંધાય.
નામ- સુધા જે. પુરોહિત સ્વધા' હોનોલુલૂ

# અરવલ્લી જિલ્લામાં બિરસા મુંડા ની ૧૫૦ મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી





મોડાસા

અરવલ્લીના શામળાજી ખાતે એકલવ્ય મોડલ રેસિડેન્સીલર સ્કૂલમાં બિરસા મુંડા ની ૧૫૦ મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી યોજાઈ આ પ્રસંગે માન્ય મંત્રીશ્રીએ સંબોધન કરતા જણાવ્યું કે ગુજરાતની ધરતી પર આદિવાસી સમુદાયો પોતાની સંસ્કૃતિ પરંપરાઓ અને જીવ શૈલીઓને અરવલ્લીની પર્વતમાળામાં દાતાથી ડાંગ સુધી જીવંત રાખી છે વૈશ્વિક પર પર્વતોનો અને સાંસ્કૃતિક આક્રમણો વચ્ચે પણ આદિવાસી બંધુઓએ પોતાની ગરિમાયુક્ત ઓળખને અકબંધ રાખી છે જે ગુજરાત ની શાક છે

મંત્રીએ ઉમેર્યું કે રાજ્ય અને કેન્દ્ર સરકાર આદિવાસી સમુદાયોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબંધુ છે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ શિક્ષણ રોજગાર આરોગ્ય શુદ્ધ પાણી સિંચાઈ રસ્તા અને વીજળી જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે ન્યૂ ગુજરાત પેટર્ન યોજના હેઠળ જિલ્લામાં ત્રણ વર્ષમાં રૂપિયા ૨૯૯૩. ૩૫ લાખની ગ્રાન્ટ ફાળવી ૭૦૭ કામો જેમકે રસ્તા શાળાઓ ચેકડેમ અને પુલો પૂર્ણ થયા મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ ૩૧ ગામોમાં રૂપિયા ૧૬૩૭. ૩૫ લાખના વિકાસ કાર્યો હાથ ધરાયા વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ ભિલોડા અને મેઘરાજ ૧૪૭. ૧૩ ફેક્ટર જંગલ જમીન ૪૯૭ લાભાર્થીઓને ફાળવણી જેમાં ૨૭૭ ને આદેશપત્રો મળ્યા કૃષિ વિવિધકરણ યોજના દ્વારા ૧૧. ૧૦૫ લાભાર્થીઓને બિયારણ અને ખાતર આપી ખેતી ઉત્પાદન બમણું કરાયું ધરતી એ ગ્રામ હેઠળ ૧૨૭ ગામોમાં ૨૪. ૪૪૪ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ આધાર કાર્ડ રેશનકાર્ડ અને પીએમ કે આઈ એસ એ એન જેવી યોજનાઓનો લાભ મળ્યો સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ ૬૭૮ લાભાર્થીઓને રૂપિયા ૨૮૧. ૧૩,૦૦,૦૦૦ ની સહાય સહાય અને વર્ટિકલ ક્રોપિંગ માટે ૩૮૨ લાભાર્થીઓને ૫૮. ૩૮ લાખની સહાય ફળવાઈ શિક્ષણમાં એકલવ્ય મોડલ રેસિડેન્ટ અને સૈનિક સ્કૂલો દ્વારા આદિવાસી બાળકોને નિઃશુલ્ક શિક્ષણ નિવાસ ગણવેશ ભોજન અને એન ઈ જેઈઈ કોચિંગ આપવામાં આવે છે ભિલોડામાં રૂપિયા ૨૦૦ લાખના ખર્ચ હાર્ટ બજાર સંકુલ બન્યું જેમાં ૩૫ શટર વાળી અને ૧૬ ખુલ્લી દુકાનો આદિવાસી સખી મંડળોને ભાડે આપવામાં આવશે શિષ્યવૃત્તિ યોજનાઓ હેઠળ ૧૩૦.૨૩૭ વિદ્યાર્થીઓને રૂપિયા ૭૫૩૧. ૧૫ લાખ મફત તબીબી સહાય હેઠળ ૧૧૫૫ લાભાર્થીઓને રૂપિયા ૬૫. ૯૯ લાખ મકાન સહાય હેઠળ ૫૮૮ લાભાર્થીઓને ૫૧૨. ૭૦ લાખ અને માનવ ગરીબી યોજના હેઠળ ૮૩૭ લાભાર્થી ને લાભ મળ્યો આ પ્રસંગે રૂપિયા ૩૭૪. ૫૨ લાખના વિકાસ કામોનું ખાતમુરત અને ?૨૬. ૯૬ લાખના પૂર્ણ કામોનું લોકાર્પણ થયું આ ઉજવણીમાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

આ કાર્યક્રમમાં આદિવાસી સમાજ ના અતિ વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓ કલાકારો રમત વીરોનું સન્માન કરવામાં આવ્યું તેમજ લાભાર્થીઓને લાભ વિતરણ કરવામાં આવ્યો આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી પી.સી. બરંડા તેમજ અન્ય જિલ્લાના પદાધિકારીઓ અને વહીવટી તંત્ર ના અધિકારીઓ અને મોટી સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહ્યા આ ઉજવણી ભગવાન બિરસા મુંડાના આદર્શોને અનુસરી આદિવાસી સમુદાયો ના ઉત્થાન માટે પ્રેરણાદાયી બની



કાંદિવલી પશ્ચિમમાં આવેલી પવાર પબ્લિક સ્કૂલના એવેન્યુ યુથ ઈન્સ્ટોલેશન સેરેમની તાજેતરમાં યોજાયો હતો ૹ. અગ્નિપથના ૮૦ ઈન્ટરેક્ટ શાળાના વિદ્યાર્થીઓને અને સમાજને વિવિધ પ્રકારના સામાજિક પ્રોજેક્ટ માટે પ્રોત્સાહન આપશે. આ પ્રસંગે રોટરી ક્લબ ઑફ મુંબઈ કાંદિવલી વેસ્ટના પ્રમુખ જયેશ મજીઠિયા, સેક્રેટરી પરાગ સ્ટોરવાલા, યુથ ડિરેક્ટર રીમા વાહી, પંકજ પાથરપોડ, સુનીતા હિરલેકર, અતિથિ વિશેષ અશ્મિ પારેખ, ભૂતપૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર પ્રફુલ્લ શર્મા અને અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

## સાયલા પાળીયાદ હાઈવે ઉપર પાળિયાદ ખાતે ગોમા નદી ઉપર આવેલ પુલ વાહન વ્યવહાર માટે બંધ કરાતા પાળીયાદ બાબરકોટ ગામના રહીશો પરેશાન

ગોમા નદી ઉપર આવેલ પુલ સરકાર શ્રી ની ગાઈડલાઈન મુજબ બંધ કરાતા હાલમાં મોટા ડંફરો મોટા કન્ટેનરો તેમજ ઓવરલોડ વાહનો પાળિયાદ ગામમાં નદીને કાંઠે બનાવેલ સિંગલ પટ્ટી રોડ ઉપર ચાલતા મોટો અકસ્માત થવાનો ભય રહે છે નાના વાહનો માટે બનાવેલ સિંગલ પટ્ટીમાં બે નાળા આવેલા છે તેમાંથી એક નાળુ હાલમાં બેસી ગયેલ છે જો વધારે સમય સુધી વાહન પસાર થશે તો બંને નાળા બેસી જવાની એટલે કે તૂટી જવાની પૂરી સંભાવના છે બંને રોડ પાળીયાદ ગામ વિસ્તાર અને બાબરકોટ માંથી ચાલતો હોવાથી અને રોડ ઉપર સ્કૂલો હોય તે નાના મોટા અકસ્માત થવાનો સંભવ રહે છે ગઈકાલે મોટું કન્ટેનર પાળીયાદ માંથી પસાર થતાં ૹદૃષ્ઠૹ ની મેનલાઈન તોડી નાખતા આખા પાળીયાદમાં અંધાર પટ જોવા મળેલ તો બંને ગામની વચ્ચેનો રસ્તો પસાર થતો હોય મોટો અકસ્માત થવાનો ભય રહેશે તો વહેલી તકે વહીવટી તંત્રએ આ બાબતે ધ્યાને લઈ મુખ્ય માર્ગનો પુલ વહેલી તકે ચાલુ કરવા અથવા યોગ્ય કોઈ ડાઈવરજન કાઢવા ગામ લોકોની લાગણી અને માંગણી છે જો કોઈ ડ્રાઈવરજન વહેલી તકે કાઢવામાં નહી આવે તો ગામ લોકોએ ના છૂટકે ગાંધી સીધા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે

## સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના સ્થાપક સર સોરાબજી પોચખાનાવાલાની ૧૪૪મી જન્મજયંતિની ઉજવણી

આજે અમદાવાદ ઝોનની વિવિધ કચેરીઓમાં આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ ઝોનલ ઓફિસમાં પણ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી કેટીબેન દારૂવાલા અને શ્રી નૌશાદ વાડીયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં બેંકના સ્થાપકના ફોટા પર પુષ્પમાળા ચઢાવવામાં આવી હતી અને દીપ પ્રગટાવવામાં આવ્યા હતા. ઝોનલ વડાએ તેમના સંબોધનમાં આ પ્રસંગે તમામ સ્ટાફ મેમ્બરોને અભિનંદન પાઠવ્યા હતા અને બેંકના હિતમાં મજબૂતીથી કામ કરવા અનુરોધ કર્યો હતો. આ



પ્રસંગે બરોડા રિજિયનમાં બેંક દ્વારા અંધ બાળકોને સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને ગાંધીનગર રિજીયન માં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. તેવી જ રીતે ઝોનના અન્ય વિસ્તારો જામનગર, સુરત, રાજકોટમાં પણ બેંકના સ્થાપકના જન્મદિવસના કાર્યક્રમનું ઉમંગભેર આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્ટાફ દ્વારા સોરાબજી પોચખાનાવાલા ને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી.આ પ્રસંગે અમદાવાદ રિજિયોનલ હેડ ગૌરવ જૈન અને મોટી સંખ્યામાં સ્ટાફ ઉપસ્થિત રહો હતો.

## ભારત ને દબાવવાના અમેરિકાના પ્રયાસ ને ભારતીય જન પરિષદના માધ્યમથી વખોડતા દિલીપ સંઘાણી

રાષ્ટ્ર ભક્તિ અને રાષ્ટ્ર શક્તિ નું વિશ્વ ને દર્શન કરાવવાનો ભારતના નાગરિકો ને અનુરોધ કરતા દિલીપ સંઘાણી આત્મનિર્ભર ભારત ના નિર્માણ માટે આ સુવર્ણ અવસર : દિલીપ સંઘાણી

ભારતને આર્થિક અને કૃષિ ક્ષેત્રે અમેરિકા દબાવવાનો પ્રયાસ કરી રહ્યું છે ત્યારે રાષ્ટ્ર ભક્તિ - રાષ્ટ્ર શક્તિ બતાવવા માટે ભારતની જનતા દ્રઢ નિર્ણય કરે કે અમેરિકાની એક પણ ચીજ વસ્તુઓ વાપરીશું નહીં, ખરીદશું નહીં.

ભારતને મજબૂત અને આત્મનિર્ભર બનાવવા માટેની આ એક સુવર્ણ તક છે જે ભારતની જનતાએ ઝડપી લેવી જોઈએ.અમેરિકા ની સામે ભારત ક્યારેય ઝૂકે નહીં તે રીતે ભારતની જનતા પોતાની શક્તિ બતાવવા બહાર આવે અને શાંતિપૂર્ણ રીતે અમેરિકાની વસ્તુનો બહિષ્કાર કરે તેવી ભારતીય જન પરિષદના માધ્યમથી શ્રી દિલીપ સંઘાણી એ અનુરોધ કર્યો છે.




## સૈફ અલી ખાન પરિવારની મિલકત વિવાદમાં મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશ પર સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો

નવી દિલ્હી/ભોપાલ,

સુપ્રીમ કોર્ટે શુક્રવારે મધ્યપ્રદેશ હાઈકોર્ટના ભોપાલના છેલ્લા નવાબ હમીદુલ્લા ખાનની શાહી મિલકત સાથે સંકળાયેલા દાયકાઓ જૂના મિલકત વિવાદને નવા નિર્ણય માટે ટ્રાયલ કોર્ટમાં રિમાન્ડ કરવાના આદેશ પર વચગાળાનો સ્ટે મંજૂર કર્યો હતો.

ન્યાબ હમીદુલ્લા ખાનના મોટા ભાઈ ઓમર ફારુક અલી અને રાશીદ અલીની અરજી પર ન્યાયાધીશ પી.એસ. નરસિંહા અને અતુલ ચાંદુરકરની બનેલી બેન્ચે ૩૦ જૂનના હાઈકોર્ટના આદેશ સામે નવાબ હમીદુલ્લા ખાનના વંશજો ઓમર ફારુક અલી અને રાશીદ અલીની અરજી પર નોટિસ જારી કરી હતી.

અરજદારોએ ૧૪ ફેબ્રુઆરી, ૨૦૦૦ ના ટ્રાયલ કોર્ટના ચુકાદાને રદ કરવાના હાઈકોર્ટના નિર્ણયને પડકાર્યો છે જેમાં નવાબની પુત્રી સાજિદા સુલતાન, તેમના પુત્ર મન્સૂર અલી ખાન અને તેમના કાનૂની વારસદારો, અભિનેતા સૈફ અલી ખાન, સોહા અલી ખાન, સબા સુલતાન અને પીઢ અભિનેત્રી શર્મિલા ટાગોરના મિલકત પરના વિશિષ્ટ અધિકારોને સમર્થન આપવામાં આવ્યું હતું.હાઈકોર્ટે જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટનો ચુકાદો ૧૯૯૭ના અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદા પર આધારિત હતો, જેને બાદમાં ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટે ઉલટાવી દીધો હતો.

જોકે, ૨૦૧૯ના પૂર્વગ્રહને લાગુ કરવા અને કેસનો નિર્ણાયક રીતે નિર્ણય લેવાને બદલે, હાઈકોર્ટે આ કેસને પુનઃમૂલ્યાંકન માટે રિમાન્ડ પર મોકલી આપ્યો હતો.

અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ દેવદત્ત કામતે જણાવ્યું હતું કે હાઈકોર્ટનો રિમાન્ડ ઓર્ડર સિવિલ પ્રોસિજર કોડ હેઠળ દર્શાવેલ પ્રક્રિયાગત ધોરણોની વિરુદ્ધ છે.

આ કેસ ૧૯૯૯માં નવાબના વિસ્તૃત પરિવારના સભ્યો દ્વારા દાખલ કરાયેલા સિવિલ દાવાઓમાં ઉદ્ભવ્યો છે, જેમાં સ્વર્ગસ્થ બેગમ સુરૈયા રશીદ અને તેમના બાળકો, મહાબાનો, નીલોફર, નાદિર અને યાવર, તેમજ નવાબની બીજી પુત્રી નવાબઝાદી કમર તાજ રાબિયા સુલતાનનો સમાવેશ થાય છે.

વાદીઓએ નવાબની ખાનગી મિલકતના વિભાજન, કબજો અને ન્યાયી સમાધાનની માંગ કરી હતી.

ટ્રાયલ કોર્ટે સાજિદા સુલતાનની તરફેણમાં ચુકાદો આપ્યો, અને કહ્યું કે મિલકત મુસ્લિમ પર્સનલ લોને આધીન નથી અને બંધારણીય જોગવાઈઓ હેઠળ તેના પર હસ્તાંતરિત થઈ છે.

૧૯૬૦માં નવાબના મૃત્યુ પછી, ભારત સરકારે ૧૯૬૨નું પ્રમાણપત્ર જારી કર્યું જેમાં સાજિદા સુલતાનને બંધારણની કલમ ૩૬૬ હેઠળ શાસક અને વ્યક્તિગત મિલકતના હકદાર વારસદાર બંને તરીકે માન્યતા આપવામાં આવી.

જોકે, વાદીઓએ દલીલ કરી હતી કે નવાબની વ્યક્તિગત મિલકત મુસ્લિમ અંગત કાયદા હેઠળ તમામ કાનૂની વારસદારોમાં વહેંચવી જોઈએ.

તેમણે એ પણ નિર્દેશ કર્યો હતો કે ૧૯૬૨ના પ્રમાણપત્રનો ઔપચારિક રીતે વિરોધ કરવામાં આવ્યો ન હતો પરંતુ દાવો કર્યો હતો કે તે સમાન વિભાજનને અવરોધે નહીં.

અભિનેતા સૈફ અલી ખાન અને તેમના પરિવાર સહિત પ્રતિવાદીઓએ દલીલ કરી હતી કે ઉત્તરાધિકાર પૂર્વજન્મના નિયમનું પાલન કરે છે અને સાજિદા સુલતાનને શાહી પદવી અને વ્યક્તિગત મિલકત બંને યોગ્ય રીતે વારસામાં મળ્યા હતા.

ટ્રાયલ કોર્ટના ચુકાદાને ઉલટાવીને, હાઈકોર્ટે કેસ રિમાન્ડ પર રાખ્યો. અરજદારોએ રિમાન્ડ ઓર્ડરને રદ કરવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી.

## શેઠ એમ.એન. હાઈસ્કૂલ પાટણ ખાતે ત્રિદિવસીય "સંસ્કૃત સપ્તાહ" કાર્યક્રમોની થઈ ઉમંગભરી ઉજવણી

ઉત્તર ગુજરાત યુવક મંડળ સંચાલિત, શેઠ એમ.એન. હાઈસ્કૂલ, પાટણ ખાતે "સંસ્કૃત સપ્તાહ" અંતર્ગત ત્રિ દિવસીય વિશિષ્ટ કાર્યક્રમોનું સંકલિત આયોજન કરીને શાળાએ સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિના ગૌરવને ઉજાગર કરવાનું કર્યું . આ ત્રિદિનોત્સવ કાર્યક્રમ અંતર્ગત શાળામાં (૧) ચિત્ર સ્પર્ધા, (૨) સંસ્કૃત ગૌરવ યાત્રા અને (૩) સંસ્કૃત સંભાષણ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ સંસ્કૃતિ સપ્તાહ ના પ્રથમ દિવસે શાળામાં બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજાઈ. આ ચિત્ર સ્પર્ધામાં સંસ્કૃત શ્લોકો, ઋષિ-મુનિઓ તથા ભારતીય સંસ્કૃતિના દ્રશ્યો આધારિત કૃતિઓ દ્વારા લગભગ ૭૦થી વધુ વિદ્યાર્થીઓએ રંગોથી ભાવવિભોર અભિવ્યક્તિ આપી. આ સ્પર્ધાએ વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ તથા સંસ્કૃત પ્રત્યેની લાગણીને નવો અવકાશ આપ્યો.

બીજાં દિવસે યોજાયેલી સંસ્કૃત ગૌરવ યાત્રા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, પાટણ દ્વારા આયોજિત હતી.આ ભવ્ય યાત્રાનું પ્રસ્થાન શેઠ એમ.એન. હાઈસ્કૂલથી થયું અને તેમાં પાટણ જિલ્લાની વિવિધ શાળાઓના ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. શેઠ એમ.એન. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ પણ ભારતીય સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતી ઐતિહાસિક વેશભૂષા ધારણ કરીને યાત્રામાં ભાગ લીધો અને સમગ્ર પાટણમાં સંસ્કૃતના ગૌરવનો નાદ પ્રસારિત કર્યો. શાળાના પથદર્શક બેનરો, સંસ્કૃત શ્લોકોના પાઠ અને ઋષિપ્રધાન પાત્રોની ઝાંખીઓ સાથે યાત્રાએ લોકમાનસ પર ગાઢ છાપ ઉત્પન્ન કરી.ત્રીજા દિવસે સંસ્કૃત સંભાષણ કાર્યક્રમ શાળાના પટાંગણ માં ખુબજ ઉત્સાહ ભેર યોજાઈ ગયો. શાળામાં આયોજિત આ સંસ્કૃત સંભાષણ કાર્યક્રમનું સંચાલન ડૉ. ગાયત્રીબેન રાવલ દ્વારા ખુબજ સુંદર રીતે કરવામાં આવ્યું.




વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષામાં વક્તવ્યો, સંવાદો, શ્લોકોચ્ચારણ અને નાટ્ય પ્રસ્તુતિ દ્વારા ભાષાની તાજગી અને સરસાઈને જીવંત બનાવી. પ્રારંભમાં સંગીતસભર સંસ્કૃત પ્રાર્થના ગવાઈ હતી તથા મુખ્ય મહેમાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના લેક્ચરર ડૉ. દશરથભાઈ ઓઝાનું કુમકુમ તિલકથી સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે શાળાના આચાર્ય ડૉ. ધનરાજભાઈ ઠક્કરએ સંસ્કૃત ભાષાના ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્વ પર પ્રકાશ ફેંકતા જણાવ્યું કે:"સંસ્કૃત એ માત્ર ભાષા નથી, પણ ભારતના જ્ઞાન, વિજ્ઞાન અને સંસ્કૃતિની રક્તનાળીઓમાં વહેતો જીવનસૂત્ર છે. ભગવાન બ્રહ્માથી સર્જાઈ અને ઋષિ-મુનિઓ સુધી પહોંચેલી આ દેવવાણી આજે પણ એટલી જ પ્રાસંગિક છે." વિદ્યાર્થીઓએ વેદવ્યાસ, પરશુરામ, ચરક, સુદામા, અને ગાર્ગી જેવા ઋષિ-પાત્રોના વેશમાં અભિનય કર્યો અને સંસ્કૃત ભાષામાં સંવાદો દ્વારા ઐતિહાસિક પાત્રોને જીવંત બનાવ્યા. આ સમગ્ર ત્રિદિવસીય કાર્યક્રમનું સુમેળભર્યું વિશિષ્ટ માર્ગદર્શન અને સંકલન શાળાના ઉત્સાહી શિક્ષક ભાઈ - બહેનો ડૉ. ગાયત્રીબેન રાવલ, સંજયભાઈ પટેલ, વિરમજી ઠાકોર અને અંકિતાબેન દરજી દ્વારા કરવામાં આવ્યું. તમામ શિક્ષકો અને વિદ્યાર્થીમંડળના સહયોગથી આ ઉત્સવ જ્ઞાન, કળા અને સંસ્કૃતિનો સુંદર મંચ બની રહ્યો.

અંતે, આ ત્રિદિવસીય "સંસ્કૃત સપ્તાહ" કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક મૂલ્યો પ્રત્યેના ગૌરવની ભાવના પોષાઈ. શેઠ એમ.એન. હાઈસ્કૂલનું આ આયોજન એક સંસ્કારપ્રદ, જ્ઞાનમય અને યાદગાર ઉપક્રમ સાબિત થયું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.